# સાબરકાંઠા, અરવલ્લીમાં શ્રદ્ધાળુઓની ગેરહાજરીમાં ભગવાન જગન્નાથની રથયાત્રા

## રથયાત્રા માટે મંજૂરી ન મળતાં મોડાસાના ભક્તોમાં રોષ, માત્ર મંદિર પરીસરમાં રથયાત્રા સંપન્ન







### શ્રદ્ધા અતૂટ છે, રથયાત્રા અગાઉ વરસાદથી રસ્તા ચોખ્ખા..!!

બાયડ : અષાઢી બીજ નજીક આવી ત્યાં સુધી વરસાદની સંભાવના ન હતી હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી પરંતુ આગાહી ખોટી નહીં ઠરે ને..?? તેવી આશંકા હતા ત્યારે રથયાત્રાની પૂર્વ સંધ્યાએ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં સૂપડાધારે અડધા થી બે ઈંચ વરસાદ વરસ્યો હતો. ભગવાન જગન્નાથની રથયાત્રા નિકળે તે અગાઉ વરસાદથી રસ્તા ચોખ્ખા થઈ જતાં ભક્તોએ તેને શ્રદ્ધા સાથે વણી લીધી હતી.

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ અષાઢી બીજની પૂર્વ સંધ્યાએ વરસાદનું આગમન થતાં ખેડૂતો અને ભગવાન જગન્નાથના ભક્તો મલકાયા હતા. સોમવારે અષાઢી બીજના દિવસે સાબરકાંઠા, અરવલ્લીમાં શ્રદ્ધાળુઓની ગેરહાજરીમાં ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાઈ હતી. ઈડરમાં રથયાત્રા દરમ્યાન કરફ્યુ લાદવામાં આવ્યો હતો. મોડાસામાં રથયાત્રા માટે મંજૂરી ન મળતાં સ્થાનિક ભક્તોમાં રોષ જોવા મળ્યો. માત્ર બાલકનાથ મંદિર પરીસરમાં પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિમાં રથયાત્રા સંપન્ન થઈ હતી. વિશ્વની કરોડોની માનવ વસતીનું રક્ષણ કરનાર ભગવાન જગન્નાથની રથયાત્રાને સુરક્ષા કવચ આપવું પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. જે આવનારા સમયમાં ક્યાં જઈ અટકશે તેવું પણ સાંભળવા મળ્યું.

કોરોના મહામારીના કારણે મોડાસા, બાયડ સહિતના વિસ્તારોની રથયાત્રા મોકૂફ રાખવાનો નિર્ણય લેવાયો. ઈડરમાં કેટલીક શરતોને આધિન કરફ્યું સાથે રથયાત્રાનું આયોજન થયું. અત્યાર સુધી કોઈ કોમી છમકલું થાય ત્યારે કરફ્યું લાદવામાં આવતો હતો. ત્યારે ઈડરના લોકોએ દોઢ વર્ષ પછી પ્રથમવાર કરફ્યું શબ્દ સાંભળ્યો છે. વહીવટી તંત્રએ આપેલી મંજૂરી અનુસાર ઈડર, મોડાસા અને શામળાજીમાં ભગવાન જગન્નાથની રથયાત્રા નિકાળવામાં આવી હતી. રથયાત્રા માટે માત્ર મંદિર પરીસર પૂરતી મંજૂરી મળતાં મોડાસા, શામળાજી પંથકના ભક્તજનો નિરાશ થયા હતા. કેટલાક રડમસ બની ગયા હતા પરંતુ વૈશ્વિક કોરોના મહામારીના ખપ્પરમાં અન્યોની જીંદગી ન જોખમાય તે માટે તંત્રએ લીધેલા નિર્ણયને કચવાતા મને ભક્તોએ પણ આખરે સ્વીકારી લીધો હતો.

# તપાસના આદેશ વચ્ચે સ્ટાફની અછત : સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિમાં હિસાબી શાખામાં સ્ટાફ જ નથી..!!

## માત્ર અઠવાડીયામાં એક દિવસ મહિલા અધિકારી કામગીરી માટે આવે, અનેક પ્રા.શિક્ષકોની ફાઈલો અટવાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ પ્રા.શિક્ષણ વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠામાં નિયમ વિરૂદ્ધ ઉચ્ચત્તર પગાર ધોરણના લાભ મેળવ્યાની ફરિયાદ પછી તપાસના આદેશ આપવામાં આવ્યા છે ત્યારે સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિની હિસાબી શાખામાં સ્ટાફ જ ન હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. દર અઠવાડીયે ઈડરથી એક મહિલા અધિકારી આવી ને ટેબલ સંભાળે છે જેના કારણે અનેક પ્રા.શિક્ષકોની જી.પી.ફંડ સહિતની ફાઈલો અટવાઈ પડી છે. જ્યારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા જિલ્લામાં નિયમ વિરૂદ્ધ ઉચ્ચત્તર પગારધોરણનો લાભ મેળવ્યો હોય તેવું પ્રથમ દ્રષ્ટીએ જણાતું નથી પરંતુ દર મહિને ૨૫ ફાઈલ મોકલવાની હોય છે અને તેમાં કોઈની ભલામણ હોય તો કદાચ એકાદ-બે કેસમાં આવું સંભવ હોય તેવું જણાવ્યું છે.

શિક્ષણ વિભાગમાં છેલ્લા કેટલાય સમયથી શિક્ષકો પાસેથી પૈસા ખંખેરવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મેળવવાનો હોય, સેવાપોથીમાં નોંધ કરાવવાની હોય કે પછી બાકી નિકળતા એરીયર્સની રકમ લેવાની હોય પરંતુ તાલુકા પંચાયતની જે તે શિક્ષણ શાખાઓમાં લાંચીયા અધિકારી અને તેમના વચેટીયાઓને કવર આપવામાં ન આવે ત્યાં સુધી કામ આગળ વધતું નથી. જો કે બધા જ અધિકારી આવા લાંચીયા પણ હોતા નથી. ત્યારે પ્રા.શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યના ૫ જિલ્લામાં નિયમ વિરૂદ્ધ ઉચ્ચત્તર પગાર ધોરણના લાભ મેળવ્યાની ફરિયાદ પછી તપાસ માટે આદેશો આપી દરેક જિલ્લામાંથી વર્ષ-૨૦૧૮ પછીની વિગતો માંગવામાં આવી છે. અખંડ સાબરકાંઠામાં ૧૪ તાલુકા હતા ત્યારબાદ નવરચિત અરવલ્લી જિલ્લો અસ્તિત્વમાં આવ્યા પછી બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા, મોડાસા તાલુકાનો અરવલ્લી જિલ્લામાં સમાવેશ થયો. પરંતુ તેમ છતાં આ ૬ જિલ્લાના પ્રા.શિક્ષકો નિવૃત્ત થયા હોય તો જી.પી.એફ.ની ફાઈલો સાબરકાંઠા જિલ્લામાં મોકલવામાં આવે છે. જેથી બંન્ને જિલ્લાના પ્રા.શિક્ષકો જી.પી.એફ. મુદ્દે હેરાન થઈ ગયા છે અને ત્યાં ઉચ્ચત્તર પગાર ખોટી રીતે લાભ મેળવ્યાની ફરિયાદ પછી તપાસનો ધમધમાટ શરૂ થતાં અનેક પ્રા.શિક્ષકોની ફાઈલો લાંબા સમય સુધી અટવાઈ પડવાની દહેશત છે.

### મારી પાસે સ્ટાફ જ નથી શું કરૂં..?? મહિલા અધિકારીની હૈયાવરાળ

બાયડ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ઓક્ટોબર-૨૦૨૦ માં નિવૃત્ત થયેલા અનેક પ્રા.શિક્ષકોની જી.પી.ફંડની રકમ મળતી નથી તેનું કારણ એ છે કે જી.પી.ફંડની ફાઈલો હિસાબી શાખામાં પહોંચ્યા પછી લોકલ ફંડમાં જતી હોય છે અને ત્યાર પછી જે તે કર્મચારીને જી.પી.ફંડની બાકી નિકળતી રકમ આપવામાં આવે છે. પરંતુ સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીના મહિલા અધિકારી નીતાબેને જણાવ્યું કે મારી પાસે સ્ટાફ જ નહીં હું કેવી રીતે કામગીરી કરૂં..?? જિલ્લાના ૧૧,૦૦૦ પ્રા.શિક્ષકોના જી.પી.ફંડની ફાઈલો સહિત અન્ય નાણાકીય વિગતો ચકાસવા માટે હિસાબી શાખામાં સ્ટાફ ન હોય તો તેમાં દોષ કોને દેવો..?? લાગે છે કે વહીવટમાં જ ખાટલે ખોડ છે.

### સ્ટાફની અછત છે : જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

બાયડ : સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હરેશભાઈ ચૌધરીએ પણ ટેલિફોનિક મુલાકાતમાં સ્વીકાર્યું કે અમારી પાસે હિસાબી શાખામાં સ્ટાફ નથી. જેના કારણે જી.પી.ફંડની ફાઈલોની સમયસર ચકાસણી થતી નથી. જ્યારે ઉચ્ચત્તર પગાર ધોરણના લાભ આપવામાં ખોટું થયું છે અને ઉચ્ચ કક્ષાએથી તપાસના આદેશ થયા છે તે અંગે પૂછતાં તેઓએ જણાવ્યું કે સાબરકાંઠા જિલ્લામાં આવું સંભવ નથી અને આ કામગીરી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને સંભાળવાની હોય છે. દર મહિને માત્ર ૨૫ ફાઈલ મોકલવાની હોય છે તેમાં કદાચ એવું બને કે કોઈની ઓળખાણ હોય તો તે ફાઈલ વહેલી રવાના થઈ હોય પરંતુ ખોટું કશું થયું નથી.

# અષાઢી મુહર્ત સચવાયું : ઉત્તર ગુજરાતના ૪૫ તાલુકામાં અડધા થી ત્રણ ઈંચ વરસાદ, ખેડૂતો મલકાયા

## મૂંરઝાતી ખેતીને જીવતદાન મળ્યું, પ્રાંતિજ, માલપુર, વાવ તાલુકા કોરા ધાક્કોર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ વરસાદ ખેંચાતાં ચિંતા છવાયેલી હતી ત્યારે મેઘરાજાએ અષાઢી મૂહર્ત સાચવતાં પાછલા ૨૪ કલાક દરમ્યાન અસહ્ય બફારા પછી વીજળીના કડાકા-ભડાકા સાથે વરસેલા વરસાદથી મૂંરઝાતી ખેતીને જીવતદાન મળ્યું છે. ઉત્તર ગુજરાતના ૪૭ પૈકી ૪૫ તાલુકાઓમાં અડધા થી ત્રણ ઈંચ વરસાદ વરસ્યો છે. બનાસકાંઠાના ધાનેરા તાલુકામાં સૌથી વધુ ૩ ઈંચ વરસાદ વરસ્યો છે. પ્રાંતિજ, માલપુર, વાવ તાલુકો કોરા ધાક્કોર રહ્યા છે. પરંતુ હવામાન વિભાગે જે રીતે ધોધમાર વરસાદની આગાહી કરી હતી તે મુજબ વરસાદ ન વરસતાં ખેડૂતો નિરાશ જરૂર થયા છે.

સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા સહિતના જિલ્લાઓમાં વરસાદ ખેંચાતાં ખરીફ વાવેતર ઉપર સંકટ મંડરાયું હતું. એકાદ સપ્તાહ વરસાદ ખેંચાય તો મોંઘાંદાટ બિયારણ નિષ્ફળ જાય અને ખેડૂતો પાયમાલ થઈ શકે તેમ હતા. રાજ્યમાં વરસાદ લાવનારી બે સીસ્ટમ સક્રીય થતાં રવિવારથી રાજ્યના અનેક વિસ્તારોમાં ક્યાંક સૂપડાધારે તો ક્યાંક ઝરમરીયો વરસાદ વરસવાની શરૂઆત થઈ હતી. ઉત્તર ગુજરાતમાં રવિવાર સવારથી ભયંકર બફારાથી પ્રજા ત્રસ્ત હતી પરંતુ અસહ્ય બફારો વરસાદ લાવશે તેવી અપેક્ષાએ ખેડૂતોમાં વરસાદની આશા હતી અને તે મુજબ ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં ડરામણા વીજળીના કડાકા સાથે વરસાદ વરસવાની શરૂઆત થઈ હતી. પાંચેય તાલુકાઓમાં ખેતીને એકાદ સપ્તાહનું જીવતદાન આપનારો વરસાદ વરસતાં ખેડૂતો અને વેપારીઓમાં ખુશાલી જોવા મળી. પ્રિ-મોન્સૂન એક્શન પ્લાન અમલી બનાવ્યો છતાં ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં સૂપડાધારે દોઢ થી અઢી ઈંચ વરસાદ વરસતાં અનેક વિસ્તારો જળબંબોળ બન્યા છે.

### પાટણ જિલ્લામાં મોસમનો સૌથી વધુ ૨૬ ટકા, અરવલ્લીમાં સૌથી ઓછો ૯ ટકા વરસાદ

બાયડ : જુલાઈ મહિનો જેમ આગળ વધી રહ્યો છે તેમ વરસાદની ઘટ જોવા મળી છે. પાટણ જિલ્લામાં વર્તમાન મોસમનો સૌથી વધુ ૨૬.૬૫ ટકા વરસાદ વરસ્યો છે તેની સરખામણીએ સમગ્ર ઉત્તર ગુજરાતમાં અરવલ્લી જિલ્લામાં સૌથી ઓછો માત્ર ૯.૬૦ ટકા વરસાદ નોંધાયો છે જેના કારણે અરવલ્લી જિલ્લાના ખેડૂતોમાં ચિંતા જોવા મળી. મહેસાણામાં ૧૭.૩૦ ટકા, બનાસકાંઠા, ૧૮.૪૯ ટકા અને સાબરકાંઠામાં ૧૪.૬૧ ટકા મોસમનો વરસાદ નોંધાયો છે.

### ઉત્તર ગુજરાતના તાલુકાઓમાં પાછલા ૨૪ કલાકમાં નોંધાયેલ વરસાદ..

| તાલુકો | વરસાદ (મિમી) | તાલુકો | વરસાદ (મિમી) |
|---|---|---|---|
| ચાણસ્મા | ૩૭ | બેચરાજી | ૪૧ |
| હારીજ | ૨૭ | જોટાણા | ૧૭ |
| પાટણ | ૫૦ | કડી | ૦૮ |
| રાધનપુર | ૬૧ | ખેરાલુ | ૨૦ |
| સમી | ૫૩ | મહેસાણા | ૧૦ |
| સાંતલપુર | ૩૭ | સતલાસણા | ૦૭ |
| સરસ્વતી | ૫૫ | ઉંઝા | ૧૭ |
| શંખેશ્વર | ૫૧ | વડનગર | ૧૭ |
| સિદ્ધપુર | ૩૭ | વિજાપુર | ૦૮ |
| અમીરગઢ | ૨૬ | વિસનગર | ૧૪ |
| ભાભર | ૩૭ | હિંમતનગર | ૧૧ |
| દાંતા | ૨૦ | ઈડર | ૩૪ |
| દાંતીવાડા | ૧૮ | ખેડબ્રહ્મા | ૨૦ |
| ડીસા | ૪૯ | પોશીના | ૩૩ |
| દિયોદર | ૧૩ | તલોદ | ૪૮ |
| ધાનેરા | ૭૨ | વડાલી | ૩૨ |
| કાંકરેજ | ૧૯ | વિજયનગર | ૩૧ |
| લાખણી | ૨૫ | બાયડ | ૧૧ |
| પાલનપુર | ૦૩ | ભિલોડા | ૧૭ |
| સૂઈગામ | ૪૩ | ધનસુરા | ૧૧ |
| થરાદ | ૨૨ | મેઘરજ | ૦૮ |
| વડગામ | ૧૦ | મોડાસા | ૧૩ |

# પુરવઠા તંત્ર અજાણ : તલોદના સીમલીયા સસ્તા અનાજની દુકાનમાંથી વિતરણ કરાયેલા ચોખાનો કકળાટ

## ફોર્ટીફાઈડ ચોખા પીડીએફમાં વેચ્યાની આશંકા, મામલો વધુ તંગ બન્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ તલોદ તાલુકાના સીમલીયાના સસ્તા અનાજના દુકાનદાર દ્વારા કાર્ડધારકોને ચોખા અપાયા પછી કકળાટ શરૂ થયો છે. ચોખાની ગુણવત્તા સામે પડકાર ઉભો થયો છે. જયારે બહાર આવેલી વિગતો અનુસાર દુકાનદારે



આઈ.સી.ડી.એસ. અને એમ.ડી.એમ.માં આપવાના ચોખા પીડીએફમાં વેચ્યાની આશંકા છે. મામલો વધુ ગરમાયો છે પરંતુ અમલદારશાહીથી દબાવી દેવાનો પ્રયાસ શરૂ થતાં આવનારા દિવસોમાં આ મામલો વધુ તંગ બને તેવી પૂરેપૂરી દહેશત છે.

જિલ્લાના સસ્તા અનાજના દુકાનદારોની મનમાની સામે અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ગંભીર ફરિયાદ છતાં જિલ્લાનું પુરવઠા તંત્ર યેનકેન પ્રકારે ઘૂંટણીયે પડી મામલો સમેટી લેતું હોય છે અને તેના માટે કયું કારણ જવાબદાર છે તે આજદિન સુધી બહાર આવ્યું નથી. પરંતુ છેલ્લા ૩-૪ દિવસથી તલોદ તાલુકાના સીમલીયાની સસ્તા અનાજની દુકાન દ્વારા વિતરીત કરાતા ચોખા ટોક ઓફ ધ ટાઉન બન્યા છે. એક તબક્કે તો પ્લાસ્ટીકના ચોખા હોવાની લોકવાયકા વહેતી થઈ. કેટલાક કાર્ડધારકોએ આવો ચોખાનો સ્ટોક પોતાની પાસે સાબિતી માટે રાખી મૂક્યો છે. સીમલીયાના સસ્તા અનાજના દુકાનદારે કેટલાક કાર્ડધારકોને ચોખા આપ્યા અને પછી શરૂ થયો કકળાટ, ચોખા જોતાં જ અનેક મહિલા કાર્ડધારકો ચોંકી ઉઠી અને ચોખાની ગુણવત્તા જોઈ અનેક પ્રકારની આશંકાઓ વ્યક્ત થઈ રહી છે. જાણવા મળ્યા મુજબ સસ્તા અનાજના દુકાનદાર દ્વારા રેશનકાર્ડ ધારકોને આપવાનો ચોખાનો જથ્થો અદલા બદલ થતાં આ સમગ્ર મામલો બહાર આવ્યો છે. તો સવાલ એ થાય છે કે પીડીએફના ચોખાનો વધુ પડતો જથ્થો દુકાનદાર પાસે આવ્યો ક્યાંથી..?? આ પણ એક તપાસનો વિષય છે.

### કાર્ડધારકોમાં માન્યતા, કૃત્રિમ ચોખા હોવાનું અનુમાન

બાયડ : દર મહિને કાર્ડધારકોને રેશનીંગનો જથ્થો આપવામાં આવે છે પરંતુ તાજેતરમાં તાલુકાની સીમલીયાના સસ્તા અનાજના દુકાનદાર દ્વારા ફોર્ટીફાઈડ ચોખાનો જથ્થો આપવામાં આવ્યો અને એ સાથે જ કૃત્રિમ ચોખા હોવાના અનુમાન સાથે દેકારો મચી ગયો છે. જો કે પ્રજાના આક્ષેપને નજર અંદાજ કરવાના બદલે જિલ્લાના પુરવઠા વિભાગે ચોખાનું સેમ્પલ લઈ ટેસ્ટીંગ કરાવવું જોઈએ અને જો ફોર્ટીફાઈડ ચોખા હોય તો વિતરણ વ્યવસ્થામાં ભૂલ થવાના કારણે આવું બન્યું છે તેનો નિખાલસતાથી સ્વીકાર કરવો જોઈએ.

### ગુજરાતની બિનસરકારી ગ્રાન્ટેડ શાળાના ૮૬ કર્મચારીઓના કોરોનાથી મોત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ કોરોનાના કહેરમાં ગુજરાતની બિનસરકારી, ગ્રાન્ટેડ, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કલાર્ક, સેવક સહિતના ૮૬ કર્મચારીઓના કોરોનાના કારણે મોત નિપજ્યા છે. આવા તમામ કર્મચારીઓને આર્થિક સહાય કરવા માટે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળના અધ્યક્ષ અજીતસિંહ સૂરમા, પ્રમુખ મહેન્દ્રભાઈ પી. પટેલ, મહામંત્રી કિશોરભાઈ ડાંગરે રજૂઆત કરી છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા અનેક કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા અને કેટલાય કર્મચારીઓના મોત નિપજ્યા. ત્યારે સરકાર દ્વારા કોરોના વોરિયર્સ જાહેર થયેલા કર્મચારીનું ફરજ દરમ્યાન કોરોના સંક્રમિત થવાથી મોત નિપજે તો જ સહાય આપવાનો પરીપત્ર કરાયો હતો.

# અરવલ્લીમાં ભારે વરસાદની આગાહી, અધિકારીઓને હેડકવાટર્સ ન છોડવા આદેશ

## તાલુકા કક્ષાના કંટ્રોલરૂમ ૨૪ કલાક કાર્યરત રાખવા અનુરોધ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ અરવલ્લી જિલ્લા સહિત કેટલાક વિસ્તારોમાં અતિભારે વરસાદની આગાહી થતાં જિલ્લા-તાલુકાના અધિકારીઓને હેડકવાટર્સ ન છોડવા આદેશ આપવામાં આવ્યા છે. તા.૧૬ જુલાઈ સુધીમાં જિલ્લામાં ભારે વરસાદની આગાહી થઈ છે. ભારે વરસાદની આગાહી છતાં તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં આફોટતું હોય તે રીતે અનેક શહેરી વિસ્તારોમાં ભયજનક હોડીંગ ઉતારવામાં આવ્યા નથી.

ગુજરાત સહિત રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી છે. અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી ભયંકર બફારા પછી ધોધમાર વરસાદ વરસ્યો નથી પરંતુ હવામાન વિભાગે આપેલી આગાહી મુજબ આગામી ૪ દિવસ દરમ્યાન જિલ્લામાં અતિભારે વરસાદ પડવાની સંભાવના છે જેથી જિલ્લા તેમજ તાલુકાના તમામ અધિકારી-કર્મચારીઓને હેડકવાટર્સ ખાતે હાજર રહેવા, તકેદારીના ભાગરૂપે અગમચેતીનાં પગલાં લેવા તેમજ કોઈ અનિચ્છનીય બનાવ, નુકસાન થાય તો તે અંગેની જાણ તાત્કાલિક જિલ્લા કંટ્રોલરૂમ ઉપર કરવા જણાવ્યું છે. તાલુકા કક્ષાના તમામ કંટ્રોલરૂમ ૨૪ કલાક કાર્યરત રહે તે જોવા પણ જવાબદાર અધિકારીને ધ્યાન દોરવામાં આવ્યું છે. ભારે પવન અને ગાજવિજ સાથે વરસાદ પડવાની સ્થિતિમાં વૃક્ષ, વિજ વાયર, વિજપોલથી દૂર રહેવા પણ પ્રજાને અનુરોધ કરવામાં આવ્યો છે.

# યમદૂતનો માર્ગ : બાયડ-ડેમાઈ-વાત્રક માર્ગની દુર્દશા, રાજ્ય સરકાર જવાબદાર અધિકારી-એજન્સી સામે પગલાં ભરે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ ગુજરાત મોડલમાં રાજ્યના મોટાભાગના માર્ગો ટનાટન બની



ગયા છે ત્યારે બાયડ તાલુકામાંથી પસાર થતા સ્ટેટ હાઈવેની દુર્દશા માટે હવે જવાબદાર અધિકારી અને એજન્સી સામે રાજ્ય સરકાર પગલાં ભરે તેવો આક્રોશ સાથેનો સૂર સામે આવ્યો છે. સ્ટેટ હાઈવે નં.૫૯ વાત્રક થી ડેમાઈ સુધી યમદૂતનો માર્ગ બનીને રહી ગયો છે.

બાયડ તાલુકાની મુલાકાતે મુખ્ય મંત્રી, નાયબ મુખ્ય મંત્રી કે પછી રાજયપાલ આવે તો જ બાયડ-ડેમાઈ-વાત્રક માર્ગની દુર્દશામાં સુધાર આવે તેવો લોકમત પ્રવર્તિ રહ્યો છે. પી.પી.પી.ના ધોરણે તૈયાર કરાયેલો માર્ગ હવે અસ્તિત્વ માટે જજૂમી રહ્યો છે. નડીયાદ તાબાના ઈજનેરની મનમાની અને કોઈ કામ જ નહીં કરવાનું, માત્ર એજન્સી સાથે સારા સબંધો રાખતાં તેનાં ગંભીર પરિણામો બાયડ તાલુકાના વાહન ચાલકો ભોગવી રહ્યા છે. સ્ટેટ હાઈવે કહેતાં પણ શરમ આવે તેવી હાલત રોડની થઈ ગઈ છે. અનેક વિસ્તારોમાં રોડ જમીની સ્તરથી ૨ થી ૫ ઈંચ ઉંડો ઉતરી ગયો છે. રાત્રે દ્વિ-ચક્રી વાહન ચાલકો કે નાનાં વાહનો પૂરપાટ ઝડપે દોડતાં આવે ત્યારે અચાનક જ ગુલાંટ ખાય તેવી દુર્દશા સ્ટેટ હાઈવેની છે. જાણવા મળ્યા મુજબ બાયડ તાલુકાના ડેમાઈ તેમજ રીલાયન્સ પેટ્રોલપંપ અને બાયડ જૂના બસ સ્ટેશન ઉપર દરરોજ ભંગાર રોડના કારણે નાના-મોટા વાહન ચાલકો પટકાઈ પડવાની ઘટનાઓ સામાન્ય બની છે. રાજ્યના આર. એન્ડ બી. સ્ટેટ વિભાગના અધિકારીઓ હજુ સુધી કેમ કુંભકર્ણની નિંદ્રામાં આળોટી રહ્યા છે તે જ પ્રજાને સમજાતું નથી.

### હવે દોડતું વાહન પણ ગુલાંટ ખાય છે, સ્થાનિક અધિકારીઓને માર્ગની દુર્દશા કેમ દેખાતી નથી..??